| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખ | ૧૩/૦૮/૨૦૧૮ | | |
| દાખલ તારીખ | ૧૩/૦૮/૨૦૧૮ | | |
| ફેસલ તારીખ | ૨૪/૦૭/૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૭ | ૧૧ | ૧૧ |

**જામનગરના બીજા અધિક સત્ર ન્યાયાધીશની અદાલત સમક્ષ,**
**જામનગર.**

**ફો.અપીલ નં.૧૧૬/૨૦૧૮**
**આંક:૯૧**

**હુશૈન હબીબ દલ,**
ઉ.વ.૪૪, ધંધો: મજૂરી,
રે. હનુમાન મંદિરની બાજુમાં, ધરારનગર-૨,
સાતનાલા, જામનગર. ....... એપેલન્ટ

**વિરુદ્ધ**

**ધ સ્ટેટ ઓફ ગુજરાત,**
નોટિસ થ્રુ ડી.જી.પી. જામનગર.
જામનગર. ........ રીસ્પોડન્ટ

**વિષય:-** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૭૪(૩) હેઠળ અપીલ.

---

એપેલન્ટ તરફે વિદ્વાન વકીલશ્રી પી.એમ. બુચ
રીસ્પોડન્ટ તરફે વિદ્વાન સરકારી વકીલશ્રી આર.કે. વશીયર

---

**-:: ઠરાવ ::-**

૧. એપેલન્ટની અપીલની ટૂંકમાં હકીકત એવી છે કે, એપેલન્ટ વિરુદ્ધ જામનગર સિટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૮/૨૦૧૭થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૩૫૪(ડી) હેઠળના ગુન્હા અંગે ફોજદારી કેસ નં. ૯૨૯/૨૦૧૭ જામનગરના વિદ્વાન ૭માં એડિશ્નલ ચીફ

જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ સમક્ષ ચાલી જતાં નામદાર કોર્ટે એપેલન્ટને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(ડી) અન્વયેના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી ૩ વર્ષની સખત કેદની સજા તથા રૂા.૩,૦૦૦/– દંડ અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ બે માસની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે. જે હુકમથી નારાજ થઇ એપેલન્ટે હાલની અપીલ લાવી દાદ માંગેલ છે કે, નામદાર નીચેની અદાલતે કરેલ હુકમ કાયદાની દ્રષ્ટિએ ભૂલ ભરેલો છે. એપેલન્ટ  તદ્દન નિર્દોષ હોઇ, કોઇ ગુન્હો કરેલ ન હોવા છતાં રાગદ્વેશથી ગુન્હાના કામે સંડોવવામાં આવેલા છે. ફરિયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર રીતે સાબિત કરી શકેલ નથી અને કોઇ સ્વતંત્ર સાહેદોએ સમર્થન આપેલ નથી. તેમ છતાં તે હકીકતો ધ્યાને ન લઇ મજકુર ચુકાદો આપેલ હોઇ, એપેલન્ટ/આરોપીને તકસીરવાન ઠરાવતો જે હુકમ કરેલ છે તે હુકમ ભૂલ ભરેલો અને પુરાવાનુ ખોટુ અર્થઘટન કરીને આપેલ છે અને કાયદા અને નિયમથી વિપરીત હકીકતોનો આધાર લઈ હુકમ કરેલ છે. તે કુદરતી ન્યાયના સિદ્ધાંતોને ધ્યાને લીધા સિવાય કરવામાં આવેલ છે. તેમજ નામદાર ટ્રાયલ કોર્ટે એપેલન્ટ/આરોપીના વિદ્વાન વકીલશ્રીએ કરેલ દલીલોનુ યોગ્ય તથા કાયદેસર અવલોકન કે અર્થઘટન કરેલ નથી. નામદાર કોર્ટે સાહેદોએ આપેલી જુબાનીઓનુ યોગ્ય રીતે મૂલ્યાંકન કર્યા સિવાય તેમજ અસ્તિત્વ બહારની હકીકતોનુ અનુમાન કરી રજૂ થયેલા પુરાવાઓનુ એકતરફી અર્થઘટન કરી એપેલન્ટ/ આરોપીને દોષિત ઠરાવી સજાનો તથા દંડ અંગેનો જે હુકમ કરેલ છે તે રદ થવાને પાત્ર હોઇ, નીચેની અદાલતનો સદર વાદગ્રસ્ત હુકમ રદ કરી એપેલન્ટને નિર્દોષ ઠરાવી વિકલ્પે શંકાનો લાભ આપી છોડી મૂકવા અને દંડની રકમ એપેલન્ટને પરત અપાવવા

હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

**૨.** હાલની અપીલ અન્વયે સામાવાળા શ્રી સરકારને નોટિસ કરતાં સામાવાળા તરફે વિદ્વાન સરકારી વકીલશ્રી આર.કે. વશીયર હાજર થયેલ છે. પરંતુ તેમના તરફથી કોઇ લેખિત જવાબ રજૂ થયેલ નથી.

**૩.** એપેલન્ટ/આરોપીના વિદ્વાન વકીલશ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, નામદાર ટ્રાયલ કોર્ટે એપેલન્ટ/આરોપીને કરેલ સજાનો હુકમ ગેરવાજબી, ગેરકાનૂની અને કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરુદ્ધનો છે. ફરિયાદમાં કે નિવેદનમાં હાલના આરોપીનું નામ કે વર્ણન લખાવેલ નથી. ૧૮૧માં ફોન કરેલ હોય તેવું નિવેદન નથી. ફરિયાદમાં હુશૈન હબીબ દલ અને અકબર દાઉદ બંનેનું નામ છે પરંતુ એકની સામે જ કેસ ચલાવેલ છે. આ કામે આરોપીની કોઇ ઓળખ પરેડ કરવામાં આવેલ નથી. જેથી ઓળખ પરેડની ગેરહાજરીમાં શંકાનો લાભ આરોપીને મળવો જોઇએ. પૂરું નામ બહાર ન આવે ત્યાં સુધી ઓળખ પરેડ નિરર્થક બની રહે છે. બે જણાની વાત છે તેમાંથી ખરેખર હાથ પકડનાર કોણ તે રેકર્ડ પણ સ્પષ્ટ થતું ન હોઇ, તેમજ અકબર દાઉદને નજરે જોનાર સાહેદ તરીકે સાહેદ નં.૨૫થી તપાસેલા છે અને તેઓ હોસ્ટાઇલ જાહેર થયેલા છે. ભોગબનનારને શા માટે કાંડુ પકડી લઇ જવામાં આવેલ છે તે રેકર્ડ પર આવતું નથી. ફરિયાદી અને આરોપી વચ્ચે દિવાની પ્રકારનો વિવાદ છે. વધુ દલીલમાં તેઓએ જણાવેલ છે કે, ભારતીય દંડ સંહિતાની

કલમ–૩૫૪ મુજબ સજા કરતી વખતે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૦ તથા પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટની જોગવાઈઓ લક્ષમાં લીધેલ નથી અને હાલના એપેલન્ટ/આરોપીને પ્રોબેશનનો લાભ નહીં આપવા માટે કોઈ વાજબી કારણો જણાવેલ નથી. એપેલન્ટ/આરોપીને પ્રોબેશનનો લાભ આપવા હુકમ કરવા અરજ ગુજારેલ છે. એપેલન્ટના વિદ્વાન વકીલશ્રીએ તેઓની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજૂ રાખેલ છે.

૧. કોમીનભાઈ માનસિંગભાઈ રાવલ વિરુદ્ધ સ્ટે ઓફ ગુજરાત.

૨. કે. લક્ષ્મણરાવ વિરુદ્ધ પબ્લિક પ્રોસીક્યુટર સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ.

૩. પાંડુરંગ સીતારામ ભાગવત વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર

૪. મોહનલાલ ગંગારામ ગેહાણી વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર

**૪.** શ્રી સરકાર પક્ષે વિદ્વાન એડી.પી.પી. શ્રી આર.કે. વશીયરે વિગતવારની દલીલ કરેલ છે કે, ફરિયાદપક્ષ તેના પુરાવાથી એપેલન્ટ/આરોપી વિરુદ્ધનો કેસ પુરવાર કરી શકેલ છે. સાહેદોના નિવેદન ઉપરથી આ કામની ફરિયાદ હકીકત મુજબનો કેસ ફરિયાદપક્ષે પુરવાર કરેલ હોઈ, નામદાર ટ્રાયલ કોર્ટે કરેલ હુકમમાં કોઈ અનિયમિતતા જણાય આવતી નથી. આથી એપેલન્ટ/આરોપીની હાલની અપીલ રદ કરવા અરજ ગુજારેલ

છે. વધુમાં પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટની જોગવાઈઓને ધ્યાને લઈ પ્રોબેશન ઓફિસરના અભિપ્રાય મુજબ યોગ્ય હુકમ કરવા અરજ ગુજારેલ છે.

**૫.** આ કામે ઉભય પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલી દલીલો તથા કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં સદર અપીલોના આખરી નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દા :-**

૧. શું એપેલન્ટ નિ:શંકપણે પુરવાર કરે છે કે,જામનગરના વિદ્વાન ૭માં એડિશનલ ચીફ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટશ્રીનાઓએ ફોજદારી કેસ નં. ૯૨૯/૨૦૧૭ના કામે એપેલન્ટ/ આરોપીને તકસીરવાન ઠરાવતો તા. ૨૧/૦૭/૨૦૧૮ના રોજ ફરમાવેલ હુકમ ગેરકાયદેસર, કાયદાના સ્થાપિત સિદ્ધાંતો વિરુદ્ધનો, ખોટો અને ભૂલ ભરેલો હોઈ, રદ કરવો અથવા તો તેમાં ફેરફાર કરવો જરૂરી છે?

૨. શું હુકમ

**૬.** ઉપરોક્ત મુદ્દાઓ અન્વયે મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**-: કા ર ણો :-**

**<u>મુદ્દા નં.૧</u> :-**

૭. સદર કામે નામદાર ટ્રાયલ કોર્ટનો ચુકાદો વંચાણે લેવામાં આવે તો, એપેલન્ટ/આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪(ડી) અન્વયેના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી ૩ વર્ષની સખત કેદની સજા તથા રૂ.૩,૦૦૦/- દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ બે માસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવેલ છે. સદર કામે પ્રોસીક્યુશન તરફથી તપાસવામાં આવેલા તમામ સાહેદો તથા ફરિયાદીની જુબાનીને ધ્યાને લઈ નામદાર ટ્રાયલ કોર્ટે એપેલન્ટ/આરોપીએ ફરિયાદીની આબરુ લેવાના ઈરાદે ફરિયાદીનો પીછો કરી, ફરિયાદીના રસ્તામાં આડા ઉભા રહી, ફરિયાદીનું કાંડુ પકડેલ હોવાનુ માની તકસીરવાન ઠરાવેલ છે. એપેલન્ટ/આરોપીના વિદ્વાન વકીલશ્રીની મુખ્ય તકરાર એવી છે કે, નામદાર ટ્રાયલ કોર્ટે પુરાવાનુ યોગ્ય રીતે મૂલ્યાંકન કરેલ નથી તેમજ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૬૦ મુજબ આરોપીને પ્રોબેશનનો લાભ આપેલ નથી. આ કામે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ એપેલન્ટ/આરોપીના વિદ્વાન વકીલશ્રીની મુખ્ય દલીલને ધ્યાને લેતાં એપેલન્ટ/આરોપી તરફે પ્રોબેશનની માંગણી કરેલ હોય નીચેની અદાલત દ્વારા મૂલ્યાંકન કરેલા પુરાવા અંગેની વિશેષ ચર્ચા કરવી જરૂરી જણાતી નથી. કાયદાનો એવો પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, નીચેની અદાલતના હુકમમાં કોઈ ગંભીર કાયદાની ભૂલ કે PERVERSITY જણાય આવતી ન હોય ત્યાં સુધી અપીલ અદાલતે નીચેની અદાલતનાં હુકમમાં હસ્તક્ષેપ કરવો જોઈએ

નહીં. એપેલન્ટ/આરોપી તરફે પણ નીચેની અદાલતનાં હુકમમાં ગંભીર પ્રકારની ભૂલ હોવા અંગે દલીલ ન કરતાં માત્ર ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૬૦ મુજબ પ્રોબેશનનો લાભ આપવા અરજ ગુજારતાં જણાવેલ છે કે, એપેલન્ટ/આરોપીનો ભૂતકાળ ધ્યાને લેતાં એપેલન્ટને શુદ્ધ ન્યાયના હિતમાં સુધરવાની તક આપી સમાજમાં સારા નાગરિક તરીકે રહી શકે તે જોવું જરૂરી હોઈ, એપેલન્ટ/આરોપીઓને પ્રોબેશનનો લાભ આપવો જોઈએ. વધુમાં પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટની કલમ-૩, ૪ તથા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૬૦ની જોગવાઈઓ ધ્યાને લઈ ફરિયાદીને થયેલ નુકશાન અંગે યોગ્ય વળતર મળી રહે તેવો ન્યાયના હિતમાં યોગ્ય હુકમ કરવો ન્યાયોચિત જણાય છે.

૮. બંન્ને પક્ષોની દલીલ અને ઉપર ચર્ચા કરી તે મુજબ ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાનુ ટ્રાયલ અદાલતે હુકમમાં વિસ્તૃત મૂલ્યાંકન કરેલ છે. જેમાં ફરિયાદીને સમર્થન કરે તેવો પુરાવો રજૂ થયેલ હોય તે આધારે એપેલન્ટ/આરોપીને તકસીરવાન ઠરાવેલ છે. જે અંગે વિશેષ ચર્ચા ન કરતાં એપેલન્ટ/આરોપીની ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૬૦ મુજબની દલીલ અન્વયે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૬૦ વંચાણે લેતાં, "કોઈ પણ વ્યક્તિ કે જેની ઉંમર એકવીસ વર્ષથી ઓછી ન હોય અને એવી વ્યક્તિને એવા ગુના માટે દોષિત ઠરાવવામાં આવે કે જે ગુનામાં માત્ર દંડની સજાની જોગવાઈ હોય કે સાત વર્ષની કે તેથી ઓછી કેદની સજાની જોગવાઈ હોય અથવા જ્યારે આવી

વ્યક્તિની ઉંમર એકવીસ વર્ષથી ઓછી હોય કે આવી વ્યક્તિ સ્ત્રી હોય અને તેને એવા ગુના માટે દોષિત ઠરાવવામાં આવે કે જે ગુનો દેહાંત દંડ કે આજીવન કેદની સજાને પાત્ર ન હોય અને આવો ગુનેગાર અગાઉ ભૂતકાળમાં કોઈ ગુના માટે દોષિત ઠરેલ હોવાનુ સાબિત ન થયુ હોય અને જે અદાલતે તેને દોષિત ઠરાવેલ હોય તે અદાલત તેની ઉંમર, ચારિત્ર્ય કે ગુનેગારનો પૂર્વ ઈતિહાસ ગુનાના સંજોગોને લક્ષમાં લેતાં અદાલત એવા મંતવ્ય ઉપર આવે કે, ગુનેગારને તેના સારા વર્તનની અજમાયશ માટે મુક્ત કરવાનુ યોગ્ય છે તો ત્યારે અદાલત તેવા ગુનેગારને ગુનાના કામે તુરંત જ તે જ સમયે સજા કરવાને બદલે આદેશ કરી શકશે કે ત્રણ વર્ષથી વધુ ન હોય તેટલા સમય દરમ્યાન તેને જો બોલાવવામાં આવે ત્યારે તેણે હાજર થઈને સજા ભોગવવી તથા આ સમય દરમ્યાન સુલેહ, શાંતિ જાળવવા તથા સારી ચાલ-ચલગત માટે જામીન સાથે કે જામીન વિનાનુ બોન્ડ કરી આપવુ."

**૮.૧** સદર કાયદાની કલમ-૩૬૦(૪) વંચાણે લેતાં કોઈ પણ એપેલેટ કોર્ટ કે હાઈકોર્ટ કે સેશન્સ કોર્ટ પોતાની રિવિઝનલ સત્તા વાપરતા સમયે આ કલમ હેઠળનો હુકમ કરી શકશે.

૯. આમ, હાલના એપેલન્ટ/આરોપી કોઈ ગુનાહિત ભૂતકાળ ધરાવતા હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેમજ આ કામે રજૂ થયેલ ક્રિમિનલ કેસ નંબર-૯૨૯/૨૦૧૭નુ રેકર્ડ વંચાણે લેતાં એપેલન્ટ /આરોપીની સામાજિક તેમજ આર્થિક

તેમજ શારીરિક પરિસ્થિતિ અને કૌટુંબિક જવાબદારીને ધ્યાને લઈ એપેલન્ટ/ આરોપીને સીધી જેલની સજા ન કરતાં પ્રોબેશનનો લાભ આપવો ન્યાયોચિત જણાતુ હોય ત્યારે મુદ્દા નંબર–૧ નો જવાબ "**નકાર**" માં ઠરાવી મુદ્દા નંબર– ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**– :: હુ ક મ :: –**

**૧.** એપેલન્ટ/આરોપીની હાલની ક્રિમિનલ અપીલ આથી નામંજૂર કરવામાં આવે છે.

**૨.** નામદાર ટ્રાયલ કોર્ટે એપેલન્ટ/આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૮(૨) અનુસાર ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(ડી) અન્વયે તકસીરવાન ઠરાવી એપેલન્ટ/ આરોપીને સજાનો હુકમ કરેલ છે તે હુકમમાં એપેલન્ટ/આરોપીને સીધી સજા ન કરતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૦ મુજબ ૨(બે) વર્ષના સમયગાળા માટે પ્રોબેશન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આ કામનાં એપેલન્ટ/આરોપીએ ફરિયાદી શબાના વા./ઓ. ઇકબાલભાઇ ઇબ્રાહીમભાઈ હાલાને વળતર પેટે રૂપિયા ૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દશ હજાર) પૂરા દિન–૩૦(ત્રીસ)માં ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. વળતરની રકમ ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવી અથવા તો ફરિયાદીને રૂબરૂ ચૂકવી આપવી.

**૪.** એપેલન્ટ/આરોપીએ પ્રોબેશનના સમયગાળા દરમ્યાન સારી ચાલ–ચલગત જાળવવા માટે રૂપિયા ૧૦,૦૦૦/– (અંકે

રૂપિયા દશ હજાર) પૂરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવા.

**૫.** પ્રોબેશન અધિકારીશ્રી, જામનગરને આદેશ કરવામાં આવે છે કે, બે વર્ષના સમયગાળા માટે એપેલન્ટ/આરોપીઓને પોતાની દેખરેખમાં રાખી તે અંગેનો રીપોર્ટ અત્રેની અદાલતમાં કરવો.

**૬.** એપેલન્ટ/આરોપીઓએ પ્રોબેશનના સમયગાળા દરમ્યાન કોઈ પણ પ્રકારનુ ગુનાહિત કૃત્ય આચરે તો તેઓએ કોર્ટ સમક્ષ હાજર રહી નામદાર કોર્ટ ફરમાવે તેટલી સજા ભોગવવાની રહેશે.

**૭.** આ હુકમની એક નકલ ટ્રાયલ કોર્ટના અસલ રેકર્ડ સાથે નીચેની કોર્ટને તાત્કાલિક પરત મોકલી આપવુ.

૮. સદર હુકમની ખરીનકલ એપેલન્ટ/આરોપીઓને વિના મૂલ્યે પૂરી પાડવી.

આ હુકમની એક નકલ પ્રોબેશન અધિકારીશ્રી, જામનગરને મોકલી આપવી.

હુકમ આજરોજ તા. ૨૪મી, માહે જુલાઇ, સને ૨૦૨૬ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૨૪/૦૭/૨૦૨૬
સ્થળ: જામનગર
*H H Bandhiya*

**(વિજય પ્રેમચંદ અગ્રવાલ)**
બીજા અધિક સત્ર ન્યાયાધીશ
કોડ નંબર:જીજે-૦૦૬૮૯.